# જાહેરનામું

## કાર્યરીતી અધિનિયમ૧૯૭૩ ૧૯૭૪ ના નં.(૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

## ફોજદારી નંબર વિ.શા.એચ.સેકશન ૪૦/૨૦૧૬

હુકમ :-

ચાલું વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૫/૦૯/૨૦૧૬ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. તે પછી વિસર્જનની તા.૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં વિસર્જન સરઘસ નિકળનાર છે અને ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન નદી કે તળાવમાં કરવામાં આવે છે.

પર્યાવરણ (એન્વાયરન્મેન્ટ પ્રોટેકશન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રી વન અને પર્યાવરણ ખાતાના પત્ર નં. ENV-10-2010-1004-E ની સુચનાથી નામદાર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર હાઇકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફ.ક.અ./૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે.

" પ્રતિબંધિત કૃત્યો "

(૧) પી.ઓ.પી. (પ્લાસ્ટર ઓફ પેરીસની) મુર્તિઓ વિસર્જન સમયે નદિઓ/તળાવના કિનારે પુજન વિધિ કરી નદીઓ/તળાવના કિનારે રાખવી. નદી કે તળાવમાં પધરાવવી નહી.

(૨) મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઇ ચિન્હો કે નિશાની રાખવા ઉપર પ્રતિબંધ રહેશે.

(૩) શ્રી ગણેશજીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારો વધેલી તથા ખંડીત મુર્તિઓને બીનવારસી હાલતમાં મુકશે નહી.

(૪) શ્રી ગણેશજીની ૯ (નવ) ફુટથી મોટી મુર્તિની સ્થાપના કરવા ઉપર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત ધાર્મિક તહેવારોમાં ઇકો-ફ્રેન્ડલી (Eco-Friendly) મટીરીયલ્સમાંથી મુર્તિઓ બનાવવાની રહેશે અને તેમાં કુદરતી કલરોનો ઉપયોગ કરવાનો રહેશે.

"પ્રતિબંધિત વિસ્તાર"

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

"પ્રતિબંધિત સમય"

તા.૧૫/૦૮/૨૦૧૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૬/૦૯/૨૦૧૬ ના કલાક ૨૪.૦૦ સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. 3 ઓગષ્ટ-૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર